૫૦૧/૩,૮૦૫ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫) **સત્સંગ પરિચય - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૭૫)

## વિભાગ-૧ : સહજાનંદ ચરિત્ર - તેરમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૦

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''અમે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છીએ.'' (૭૬)

૨. ''હવે મારી ઇચ્છા અંતર્ધાન થઈ સ્વધામ પધારવાની છે.'' (૧૪૭)

૩. ''આમ આખા સંઘમાં દરેકને ખોબો ખોબો સાકર આપો.'' (૧૩૮)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. નાયકે મહારાજને પગે લાગી પ્રાર્થના કરી. (૧૦૪)

૨. મિ. એરન સાહેબે દાદાખાચર તથા મુક્તાનંદ સ્વામીને મહારાજની સારી સંભાળ રાખવા કહ્યું. (૧૨૨)

૩. મુક્તાનંદ સ્વામીનો સંશય ટળી ગયો. (૧૬)

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. શ્રીજીમહારાજના પ્રાગટ્યના છ હેતુઓ (૧૦૩-૧૦૪) ૨. સદાવ્રતની પ્રવૃત્તિ (૨૧-૨૨) ૩. પઠાણને પ્રતીતિ (૪૯)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. મહારાજે પરમહંસોને કયા વર્તમાન દૃઢપણે પાળવાની આજ્ઞા કરી ? (૮૯)

૨. મૂળજી શર્માએ સાકરબાને જનોઈના ગીત ગાવાનું કેમ કહ્યું ? (૪૧)

૩. મહારાજને હિંસામય યજ્ઞમાંથી શેનો હ્રાસ થતો હોય તેવું લાગ્યું ? (૪૩)

૪. વરતાલ મંદિરના બાંધકામ વખતે મહારાજ શું કરતા ? (૧૨૦)

૫. ગઢડામાં પુરુષોને ધર્મદેવના અને બાઈઓને ભક્તિદેવીનાં દર્શન કેમ થયાં ? (૬૩)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજે લાલજી સુથારની કઈ પરીક્ષા કરી ? (૨૮)

(૧) ☐ કાશીની યાત્રાએ મોકલ્યા (૨) ☐ ગૃહસ્થનાં કપડાં ઉતારી સાધુનાં વસ્ત્ર પહેરાવ્યાં

(૩) ☐ સાસરેથી ભિક્ષા મંગાવી (૪) ☐ સાધુનાં વસ્ત્ર ઉતારી ગૃહસ્થનાં કપડાં પહેરાવ્યાં

૨. શ્રીજીમહારાજના દ્વેષી હતા (૪૩, ૫૩)

(૧) ☐ જગજીવન મહેતા (૨) ☐ મછિયાવના દીવાન

(૩) ☐ અમદાવાદનો સૂબો (૪) ☐ જૂનાગઢના નવાબ

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. મહારાજને ............... ની રસોઈ બહુ ભાવી. (૮૬)

૨. શ્રીજીમહારાજે ............... ના હરિભક્તોને અક્ષરધામ ભેટ આપ્યું. (૧૩૬)

૩. મહારાજને ઉદાસ જોઈ ............... સ્વામી રોવા લાગ્યા. (૧૪૯)

૪. મહારાજે અડધાં રાજાનાં અને અડધાં ............... નાં વસ્ત્રો ધારણ કર્યાં. (૧૧૩)

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તમારે ગરાસ અંગે ભાવનગર રાજ્ય સાથે કામકાજ તો પડશે જ, ત્યારે તમે શું કરશો ?'' (૩૫)

૨. ''આ મારો પુત્ર છે. હું તેને લઈ જાઉં છું.'' (૧૧)

૩. ''તેથી થોડા વખતમાં સારું થઈ જશે.'' (૪૮)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. જીવાખાચરના મનની મનમાં રહી ગઈ. (૩૬)

૨. સુથારણ બાઈએ મહારાજને ઠપકો આપ્યો. (૨૪)

**પ્ર.૯** 'લાડુબા જીવુબામાં થતી સેવાની ખેંચતાણ' (૪૧-૪૨) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. આચાર્ય અયોધ્યાપ્રસાદજી સ્વભાવે કેવા હતા ? (૨૭)

૨. ગ્રહણને દિવસે મૂળજી બ્રહ્મચારીએ સભામાં આવી શું કહ્યું ? (૨૬)

૩. કેવી સમજણ રાખીશું તો અક્ષરધામમાં જવાશે ? (૬૧)

૪. દુર્વાસાની જેમ લાડુબાની બધી રસોઈ કોણ જમી ગયું ? (૪૩)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષયઃ- જૂનાગઢમાં નિત્યાનંદ સ્વામીનો શાસ્ત્રાર્થ (૩-૪)**

**૧.** મહારાજ : ''ચર્ચા થવા દો, બધા ઉત્તરો બ્રહ્માનંદ સ્વામી કરશે.'' **૨.** ચરણને નમસ્કાર કરવાથી દાસત્વભક્તિ સિદ્ધ થાય છે. **૩.** આત્મનિષ્ઠાની ભક્તિ ઉત્તમ પ્રકારની ભક્તિ છે. **૪.** નરસિંહ પંડ્યા શ્રીજીમહારાજ સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યો. **૫.** નરસિંહ પંડ્યાની વિદ્વત્તા જોઈ નવાબ રાજી થઈ ગયા. **૬.** આ શાસ્ત્રાર્થથી બીજા દ્વેષીઓ પાછા પડ્યા. **૭.** નવાબ : ''ખુદા તો સર્વ અંગે પાક-પવિત્ર છે.'' **૮.** મુખારવિંદને જ નમસ્કાર કરવાનું કેમ કહે છે ? **૯.** ભગવાન બનવું હોય તેને ભાગવત ઉપર ટીકા લખવી પડે. **૧૦.** નિત્યાનંદ સ્વામીએ ભગવાનના સ્વરૂપની, ભક્તિની, ઉપાસનાની વાતો નવાબને કરી. **૧૧.** નિત્યાનંદ સ્વામીએ પોતાની પ્રતિષ્ઠા વિદ્વાનોમાં ખૂબ વધારી હતી. **૧૨.** પંડ્યા : ''ભગવાનનાં બીજાં અંગોમાં માયા રહેલી છે.''

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- ઈ. સ. ૧૮૭૨ના મહા વદ નોમની રાત્રે નિત્યાનંદ સ્વામીએ અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, કૃપાનંદજીની હાજરીમાં કારણ દેહનો ત્યાગ કર્યો.

જવાબ :- **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- **સંવત ૧૯૦૮**ના **માગશર સુદ ૮ના દિવસે** નિત્યાનંદ સ્વામીએ **વરતાલમાં** આચાર્યશ્રી **રઘુવીરજી** મહારાજ, **ગોપાળાનંદ** સ્વામી, **શુકમુનિ**, **શૂન્યાતીતાનંદજી** વગેરે સંતોની હાજરીમાં **ભૌતિક** દેહનો ત્યાગ કર્યો.

૧. **પ્રેમસખી પ્રેમાનંદ :** તું હમણાં ભુજ જા અને ત્યાં સરસ્વતી નદીને સામે કાંઠે સંગીતશાળા છે, ત્યાં જઈ તું સંગીત શીખ. (૧૧)

૨. **શ્રી કૃષ્ણજી અદા :** પૂર્ણપુરુષોત્તમનું જે જ્ઞાન અત્યાર સુધી ખૂણિયું હતું તે હવે વડોદરાના ચોકમાં ગાજવા લાગ્યું છે. (૬૫)

૩. **સ્વામી જાગા ભક્ત :** મહારાજ કહે છે, 'કૃષ્ણજી અદા તો વચનસિદ્ધ પુરુષ છે.' (૫૫)

૪. **ભક્તરાજ દાદાખાચરઃ** જેમ રામે વિભિષણનો રથ હાંક્યો તેમ નૃસિંહ ભગવાને પ્રહ્‌લાદનો રથ હાંક્યો અને જાન લઈને માણાવદર ગયા. (૩૮)

## વિભાગ-૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. યોગીજી મહારાજ : બ્રહ્મવિદ્યાની યુનિવર્સિટી (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી - ૨૦૧૨)

૨. મારા અંતરની વીણા ઝંકારે : વિનમ્રપણું (સ્વામિનારાયણ પ્રકાશ - ડિસેમ્બર - ૨૦૧૧)

૩. પ્રમુખસ્વામી મહારાજનું યુગકાર્ય : અક્ષરધામ (સ્વામિનારાયણ પ્રકાશ - જુલાઈ - ૨૦૧૧)

❊ ❊ ❊

નોંધ :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**